# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત


## એ-3,જિલ્લા સેવાસદન-૨,અઠવાલાઈન્સ,સુરત

**Phone No : (0261)2662903, Fax No : 2662902, Email. *suratdeo@gmail.com***


જા.નં./મા-૨/યોગ નિદર્શન/ 2785 તા.૦૪/૦૩/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાઈનાન્સ)
સુરત, જિ.સુરત.

વિષય:- યોગ નિદર્શન કરવાની મંજુરી આપવા બાબત.
સંદર્ભ :- અન્વી વિજયભાઈ ઝાંઝરુકીયાની રજુઆત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેનાં જિલ્લાની શાળા સંસ્કારકુંજ જ્ઞાનપીઠ, નરથાણ, સુરતમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અન્વી ઝાંઝરુકીયા નેશનલ યોગા ચેમ્પિયન છે. તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ-૨૦૨૦નો "બેસ્ટ ક્રિએટીવ ચાઈલ્ડ વિથ ડીસેબીલીટી" પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબનાં હસ્તે વર્ષ-૨૦૨૨નો 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર" અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ તથા મુખ્યમંત્રી સાહેબના હસ્તે વર્ષ-૨૦૨૨નો "ગુજરાત ગરિમા એવોર્ડ" મળે છે. સદર વિદ્યાર્થીનીની યોગની કળાને અન્ય શાળા/કોલેજોમાં પ્રદર્શિત કરી અન્ય બાળકોને પણ યોગ તરફ અભિમુખ કરી શકાય તે માટે તેમને સુરત શહેર અને જીલ્લાની તમામ શાળાઓમાં "યોગ નિદર્શન" કરવાની મંજૂરી આપવામાં આવે છે. તેમજ આ વિદ્યાર્થી જે શાળામાં "યોગ નિદર્શન" કરવા માંગતા હોય તે તમામ શાળાના આચાર્યશ્રીએ આ કાર્યક્રમમાં સંપૂર્ણ સહયોગ કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

અન્વી વિજયભાઈ ઝાંઝરુકિયા
મો.નં. 9825736769
sparsh.zanzarukia@gmail.com

Mo. 9825736769

"Yoga is a Gift To The World of Indian Culture"

# ANVI VIJAYBHAI ZANZARUKIA

- Creative Child With Disability Award-2020
- Pradhan Mantri Rashtriya Bal Puraskar-2022
- Gujarat Garima Award-2022

Address :
A-1001, Blu Life,
B/h. Sanjeev kumar Auditorium,
Pal, Surat - 395 009 (Gujarat)
: sparsh.zanzarukia@gmail.com

Dt.

પ્રતિ ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા સેવા સદન,

સુરત.

વિષય :- શાળાઓમાં જઈ યોગ નિદર્શન કરવાની મંજુરી આપવા તેમજ તમામ શાળાઓને આ બાબતે જરૂરી સૂચના આપવા બાબત.

સંદર્ભ :- ૧. માન. વડાપ્રધાનશ્રી મોદીસાહેબ સાથે થયેલ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૨ની રૂબરૂ મુલાકાત.

૨. માન. શિક્ષણમંત્રીશ્રી (રા.ક.) શ્રી પ્રફૂલભાઈ પાનશેરીયા સાહેબ સાથે થયેલ તા. ૨૨ ફેબ્રુઆરીની રૂબરૂ મુલાકાત.

સાહેબશ્રી નમસ્કાર,

હું અન્વી ઝાંઝરૂકીયા આપના તાબા હેઠળની નરથાણ સ્થિત સંસ્કારકુંજ જ્ઞાનપીઠ શાળામાં ધોરણ ૭ માં અભ્યાસ કરું છું. અનેક દિવ્યાંગતા છતાં પણ મારા પરિવાર, અને શાળાના સંચાલક અને શિક્ષકોના અથાક પ્રયત્નોથી આજે હું નેશનલ યોગા ચેમ્પિયન છું તેમજ મને યોગ ક્ષેત્રમાં અસીમ સિધ્ધી બદલ ભારતના રાષ્ટ્રપતિશ્રીનાં કરકમલો દ્વારા વર્ષ ૨૦૨૦ નો **"બેસ્ટ ક્રીએટીવ ચાઈલ્ડ વિથ ડીસેબીલીટી "** એવોર્ડ, તેમજ યશસ્વી પ્રધાનમંત્રી શ્રીમાન મોદી સાહેબના કરકમલો દ્વારા વર્ષ ૨૦૨૨ નો **"પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર"** અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સાહેબના હસ્તે વર્ષ ૨૦૨૨ નો **" ગુજરાત ગરિમા એવોર્ડ"** મળેલ છે.

સાહેબશ્રી સંદર્ભ અન્વએ માન. પ્રધાનમંત્રી સાહેબની રૂબરૂ મુલાકાત દરમ્યાન તેઓ દ્વારા અમારી યોગની કળાને અન્ય શાળા કોલેજમાં પ્રદર્શિત કરી અન્ય બાળકોને યોગ તરફ અભિમુખ કરવા માટે અભિયાન શરુ કરવા સૂચના આપવામાં આવેલ જે બાબતે અમારા દ્વારા ***"કરો યોગ રહો નિરોગ "*** મુહીમ શરૂ કરવામાં આવેલ છે જે બાબતે અમે વિવિધ સામાજીક મેળાવાડા તેમજ શાળા - કોલેજમાં જઈ "યોગ નિદર્શન" દ્વારા અન્ય વ્યક્તિઓને સામાન્ય યોગને રોજીંદા જીવનમાં અપનાવવા માટે સમજાવી અને અપિલ કરીએ છીએ. આજ મુહીમની વાત અમે શિક્ષણ મંત્રીશ્રી (રા.ક.) શ્રીમાન પ્રફુલભાઈ પાનશેરીયા સાહેબને કરતા તેઓ દ્વારા આ મુહીમને આવકારી સુરત શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળા સુધી લઇ જવા માટેની ઈચ્છા વ્યક્ત કરી હતી.

સાહેબશ્રી આ બાબતે આપના દ્વારા સુરત શહેર અને જિલ્લાની તમામ ખાનગી તેમજ સરકારી પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમોને રૂબરૂ જઈ "યોગ નિદર્શન" કરી આ મુહીમને આગળ વધારવા મંજુરી આપશો અને આ બાબતે જરૂરી સૂચના પણ શાળાઓને આપશો તેવી વિનંતિ.

આપના સહકારની આશા સહ.....

અન્વી

**અન્વી વિજય ઝાંઝરૂકિયા**
**રબ્બર ગર્લ ઓફ ઈન્ડિયા**